દરોડામાં 'કંઈક રંધાઈ' રહ્યાની ચર્ચાઃ વિગતો છુપાવવાનો શું આશય ?

SGST: આર્કિટેક્ટ પરના દરોડા, સર્ચમાં અધિકારીઓ 'કુલડીમાં ગોળ ભાંગે' છે

સર્ચ હાથ ધરાયાને ૨૪ કલાક પછી પણ અધિકારીઓ પાસે 'પ્રાઈમરી માહિતીનો અભાવ'

। અમદાવાદ ।

સ્ટેટ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (SGST) વિભાગ દ્વારા શહેરમાં પાંચથી વધુ આર્કિટેક્ટ પર સર્ચ અને દરોડાની કાર્યવાહી હાથ ધરાયાને ૨૪ કલાકથી વધુ સમય વીતી જવા છતાં અધિકારીઓને મહત્વની 'કડીઓ' મળતી નથી એટલું જ નહીં પરંતુ પ્રાથમિક માહિતી અને વિગતો પણ મળતી નથી. દરોડા સંબંધિત પ્રાયમરી માહિતીના અભાવને કારણે અધિકારીઓ પાસે દરોડા અને સર્ચ વિશે કોઈ 'નક્કર અને મહત્વની તેમજ ન્યૂઝ વર્થી માહિતી અને વિગતોનો અભાવ' જોવા મળ્યો છે. SGST વિભાગના અધિકારીઓ તપાસના નામે ફીકાં ખાંડતા હોવાનું અને 'કુલડીમાં ગોળ ભાંગતા' હોવાનું ચર્ચાઈ રહ્યું છે. SGSTના કેટલાંક અધિકારીઓ અગમ્ય કારણોસર દરોડાની માહિતો અને વિગતો મીડિયા સાથે 'Share' કરતા નથી. SGSTના અધિકારીઓ દ્વારા દરોડા અને તપાસની વિગતો છૂપાવવા પાછળનો આશય શું ? SGSTના અધિકારીઆનાં દરોડામાં 'કંઈક રંધાઈ' રહ્યું હોવાનું વેપારી વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

SGSTમાં સ્પેશિયલ ઈકોનોમિક ઓફેન્સ વિંગની રચના

સ્ટેટ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (SGST)માં સર્ચ અને દરોડાની કાર્યવાહી પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકાય તે હેતુસર બોગસ બિલિંગ, ITC મેળવવા અને પાસ ઓન કરવા, કરચોરી સહિતના ગંભીર ગૂના, ક્રીમીનલ ઓફેન્સ તેમજ કરચોરોને પકડવા અને લીગલ પેરામીટર કોર્ટ કાર્યવાહી કરવા માટે અલગ ઈકોનોમિક ઓફેન્સ વિંગ (EOW)ની રચના કરવામાં આવી છે. આ કામગીરી માટે આસિસ્ટન્ટ કમિશનર અને સ્ટે ટેક્સ ઓફિસ (STO) સહિત રાજ્યમાં ૧૩ ડિવિઝનમાં વરણી કરાશે અને અલગ સ્ટાફનું પોસ્ટિંગ કરાશે.

CBSE ધો.૧૦-૧૨ની ટર્મ એક્ઝામ ૨૬ એપ્રિલથી શરૂ થશે

। અમદાવાદ ।

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધોરણ.૧૦ અને ૧૨ની ટર્મ એક્ઝામ ૨૬મી એપ્રિલથી શરૂ કરવામાં આવશે. સીબીએસઈ આ અંગેનો પરિપત્ર પણ પ્રસિદ્ધ કરી દીધો છે. સીબીએસઈએ કરેલી જાહેરાત મુજબ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓની ડેટશીટ પણ ટૂક સમયમાં જાહેર કરવામાં આવશે. પરીક્ષાઓનું તારીખ પત્રક સત્તવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. સીબીએસઈ વધુમાં જણાવ્યુ છે કે, પ્રશ્નપત્રમાં ઉદ્દેશ્ય અને વિષયલક્ષી બંને પ્રકારના પ્રશ્નો પુછવામાં આવશે. પ્રશ્નપત્રમાં વિદ્યાર્થીઓને ૨ કલાકનો સમય આપવામાં આશે.

ફાયર NOC વિનાની ૧૫ સ્કૂલો સીલ કરાઈ

અમદાવાદ : AMCના ફાયર બ્રિગેડ દ્વારા ફાયર સેફ્ટી સર્ટિફિકેટ (NOC) રિન્યૂ નહીં કરાવનાર ૧૫ સ્કુલોને સીલ કરવામાં આવી છે. જે પૈકી મધ્ય ઝોનની ૧૧ અને દક્ષિણ- પશ્ચિમ ઝોનમાં ૪ સ્કૂલોનો સમાવેશ થાય છે. ફાયર બ્રિગેડ દ્વારા આ તમામ સ્કૂલોને અગાઉ નિયમ મુજબ નોટિસ અપાઈ હતી. જેમાં ક્લાસિક પ્રાયમરી સ્કૂલ, વૈજનાથ વિદ્યાલય, ઓમકારેશ્વર પ્ર. શાળા, શારદા વિદ્યાલય, શાહપુર માધ્યમિક શાળા, શાહપુર પ્રાથમિક શાળા, ધ સિટી સ્કુલ, કેડિલા ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કુલ, કેડિલા ઈન્ફર્ટ ઈંગ્લીશ સ્કુલ, વી. આર. શાહ સ્મૃતિ સ્કુલ, અનુપમ વિદ્યાવિહાર, વી. આર. શાહ નૂતન આદર્શ, શાંતિનિકેતન સ્કૂલ અને શાહીન સ્કુલનો સમાવેશ થાય છે.

કેસ ચાલે જ નહીં તે ઈરાદે અરજીઓ કરી કાયદાકીય ગૂંચ સર્જવાનો કારસો

પોપ્યુલર બિલ્ડર્સ : દસ્તાવેજો રજૂ કરવા જેવા મુદ્દે પણ અરજી, ગ્રામ્ય કોર્ટે ફગાવી

રમણ-મૌનાંગ પટેલ હત્યાના પ્રયાસ, જમીનો પચાવી પાડવી જેવા ગુનાના આરોપીઓ

। અમદાવાદ ।

પત્ની ફ્રિઝુની હત્યાના પ્રયાસ કેસમાં પોપ્યુલર બિલ્ડર પતિ મૌનાંગ રમણ પટેલ સહિતના આરોપીઓએ કોર્ટમાં સીઆરપીસીની કલમ ૯૧ મુજબ અરજી કરી કેસને સંલગ્ન બે દસ્તાવેજ કોર્ટમાં રજૂ કરવા કરેલી અરજી સુનાવણી બાદ ગ્રામ્ય કોર્ટે ફગાવી દીધી છે. નીચલી કોર્ટના હુકમ સામે આરોપીઓએ ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી કરી હોવાનું જાણવા મળે છે. ઉલ્લેખનીય છે કે, આ કેસમાં આરોપીઓએ ડિસ્ચાર્જ અરજી પણ કરી છે. જેમાં સરકારે આરોપીઓની અરજીનો વિરોધ કરતું એફિડેવિટ પણ રજૂ કર્યું છે. આમ આરોપીઓ દ્વારા કેસ ચાલે નહીં તે માટે એક પછી એક અરજી કરીને કાયદાકીય ગૂંચઊભી કરવામાં આવી રહી છે. ફ્રિજૂની હત્યાના પ્રયાસ પ્રકરણમાં પતિ મૌનાંગ પટેલ સહિતના આરોપીઓએ સીઆરપીસીની કલમ ૯૧ મુજબ અરજી કરી છે. જેમાં આરોપીઓ તરફે એડવોકેટ મનિષ ઓઝાએ એવી દલીલ કરી હતી કે, વસ્ત્રાપુરમાં નોંધાયેલા કેસમાં ચાર્જશીટ થતા કેસ કમિટ કરવામાં આવ્યો છે અને હાલ સેશન્સ કોર્ટમાં તે કેસ પડતર છે. આ કેસમાં ૨૫ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ પુરાવાનું લિસ્ટ રજૂ કરવામાં આવ્યું હતું અને ૧ ડિસે.ના રોજ તે આરોપીઓને આપવામાં આવ્યું છે.

કરમસદ નગરપાલિકા, કરમસદ
જાહેર નિવિદા

આથી કરમસદ નગરપાલિકા તરફથી જણાવવાનું કે નગરપાલિકાને સેનેટરી વિભાગ માટે સ્ટેન્ડવાળા ટવીન ડસ્ટબીન ખરીદ કરવાના છે. જેના સ્પેશીફીકેશન નીચે મુજબ છે. નીચે દર્શાવ્ય મુજબના ડસ્ટબીન ખરીદવાના હોય. ભાવ સીલબંધ કવરમાં કુરીયર/આર.પી.એ.ડી. થી જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન–૦૭માં અત્રેની કચેરીએ તમામ કરવેરા સહિતના ફક્ત ભાવો મંગવવામાં આવે છે. ભાવ સાથે માલ–સામાનની વિગતનો ઉલ્લેખ કરવાનો રહેશે. અધુરી વિગતવાળા ભાવ નામંજુર કરવામાં આવશે. કવર ઉપર કામનાં નામનો ઉલ્લેખ કરવાનો રહેશે.

અ.નં.	ખરીદી કરવાની વસ્તુ	આપવાના ભાવ
૧	૮૦ લીટરના નિલકમલ બ્રાન્ડના ડોમટોપવાળા ડસ્ટબીનને ૧.૫ ઈંચ સ્કવેર એમ.એમ. પાઈપના સ્ટેન્ડ સાથે જમીનમાં ફીક્સ કરી આપવા સાથેની કામગીરી	૧ નંગના

ભાવો મંજુર થા નામંજુર કરવાના અબાધિત અધિકાર નગરપાલિકા નો રહેશે. જેની નોંધ લેશો.

તારીખઃ– ૦૯/૦૨/૨૦૨૨
સ્થળ :– કરમસદ

ચીફ ઓફીસર, કરમસદ નગરપાલિકા
પ્રમુખ, કરમસદ નગરપાલિકા

માહિતી/આણંદ/૬૬૪/૨૧-૨૨

GUJARAT MINERAL DEVELOPMENT CORPORATION LTD
(A Government of Gujarat Enterprise)
Tender No. GMDC / 02 / ISO-IMS Certification / 2021-22

E-Tender is re-invited to carry out Stage-1 review audit, Stage – 2 Audit, Issuance / renewal of ISO 9001 : 2015, ISO 14001 : 2015 & OSHAS 18001 :2015 (Now, 45001:2018) certificates and carry out Surveillance Audit – 1 & Surveillance audit – 2 for GMDC'S various Mines & Project in Gujarat Stat. Details are available on website www.gmdcltd.com. Tender can be downloaded from https://gmdc.nprocure.com and submitted online as per e-tender notice.

Please visit our website from time to time for any corrigendum/ addendum

કમાંક/સંમાનિ/અમદ/૧૬૫૬/૨૦૨૨

ઓનલાઈન ઈ–ટેન્ડરીંગ
ટેન્ડર નોટીસ નંબર : એસકે–૧૬ સને ૨૦૨૧–૨૨ (બીજો પ્રયત્ન)

કાર્યપાલક ઈજનેશ્રી, ખેડા (માર્ગ અને મકાન) વિભાગ, માર્ગ્યજન ભવન કમ્પાઉન્ડ, આર.ટી.ઓ. ઓફીસની સામે, નડીઆદ ફોન નંબર ૦૨૬૮–૨૫૬૬૪૦૪ ફેકસ નંબર ૦૨૬૮–૨૫૬૩૫૯૮ તરફથી નીચે જણાવેલ કામો માટેના ભાવો ઓન–લાઈન દ્વારા ઈ–ટેન્ડરીંગ મારફતે માગવાનું નકકી કરેલ છે, જે ટેન્ડરો https://www.nprocure.com/ વેબસાઈટ પર ડાઉનલોડ સબમીશન કરવાની તારીખ ૧૦–૨–૨૦૨૨ બપોરના ૧૨.૦૦ કલાક પછીથી ઓનલાઈન ઈ–ટેન્ડરીંગ સિસ્ટમથી ભરવાના રહેશે, ટેન્ડરની વિગતો પ્રસ્તુત વેબસાઈટ પર નિયત તારીખથી જોવા મળી શકશે, ટેન્ડર નોટીસ અંગેનો હવે પછીની કોઈપણ જરૂરી સુધારો ફકત ઉપરોકત વેબસાઈટ ઉપર જોવા મળશે.

અનુ. નંબર	કામનું નામ	અંદાજીત રકમ રૂા. લાખમાં	ઈજારદારશ્રી ની કક્ષા
૧.	લેબર ચાર્જીસ ફોર ઓપરેટીંગ ડ્રમ મીક્ષ પ્લાન્ટ એટ સેવાલીયા એન્ડ લેઈંગ ઓફ વેરીએસ હોટ મીક્ષ મટીરીયલ્સ ઓન લાઈટ ઓફ વર્ક એન્ડ અધર મીસલેનીયસ વર્કસ	૪૮.૮૦	ટેન્ડરમાં જણાવ્યા મુજબ
૨.	૩૦૫૪ સ્ટોક મેન્યુફેકચરીંગ ફોર ગવર્નમેન્ટ ડ્રમ મીક્ષ પ્લાન્ટ એટ સેવાલીયા (સપ્લાઈંગ ઓફ બી.ટી. ગ્રીટ એન્ડ સ્ટોન ડસ્ટ એન્ડ અધર મીસલેનીયસ વર્કસ)	૨૪.૬૩	ટેન્ડરમાં જણાવ્યા મુજબ
૩.	૩૦૫૪ સ્ટોક મેન્યુફેકચરીંગ ફોર ગવર્નમેન્ટ ડ્રમ મીક્ષ પ્લાન્ટ એટ સેવાલીયા (સપ્લાઈંગ ઓફ બી.ટી. ગ્રીટ એન્ડ બી.ટી. મેટલ, બી.ટી. કપચી એન્ડ અધર મીસલેનીયસ વર્કસ)	૨૪.૬૦	ટેન્ડરમાં જણાવ્યા મુજબ

ટેન્ડર ભરનારને સરકારશ્રીના વખતો–વખતના નિયમો બંધનકર્તા રહેશે, આ કામોની વિગતવાર નોટીસ કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર પણ જોવા મળશે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોકત કચેરીનો રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતાં ઈજારદારશ્રીઓએ રૂબરૂમાં સંપર્ક સાધવા વિનંતી છે, આ કામની વિગતવાર નોટીસ માહિતી વિભાગની વેબસાઈટ http://www.statetenders.com/ પર પણ જોવા મળશે. (માહિતી/નડી/૬૦૫/૨૦૨૧-૨૨)

અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો માટેની ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખવા અંગેના સરકારશ્રીના નિર્ણય અન્વયે ઓનલાઇન અરજીઓના રજીસ્ટ્રેશન માટેની સુધારા જાહેરાત

અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના નિયંત્રણ હેઠળ જુદા–જુદા જિલ્લાની વિભાગીય કચેરીઓની વનરક્ષક સંવર્ગ, વર્ગ–૩ની કેટેગરી વાઈઝ કુલ–૩૩૪ (ત્રણસો ચોત્રીસ) જગ્યાઓ સીધી ભરતીથી ભરવા જાહેરાત ક્રમાંક : FOREST/201819/1, તા.૦૬–૧૧–૨૦૧૮ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. જે અન્વયે સ્પર્ધાત્મક/શારીરિક ક્ષમતા કસોટી પરીક્ષા યોજીને મેરીટના ધોરણે પસંદગી યાદી – પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજી પત્રકો મંગાવવામાં આવેલ હતા. ત્યારબાદ સરકારશ્રીના ઠરાવથી આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટે સીધી ભરતીની જગ્યાઓમાં ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખવાની નીતિ સંબંધે સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે મૂળ જાહેરાતમાં સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે જેમની અરજી કન્ફર્મ થયેલ છે તેવા ઉમેદવાર કે જેમને હાલ આર્થિક રીતે નબળા વર્ગનો લાભ મળવાપાત્ર હોય અને તેનો લાભ લેવા માંગતા હોય તેવા ઉમેદવારો માટે તા. ૧૬–૦૨–૨૦૨૨ (બપોરના ૧૪:૦૦) થી તા.૨૫–૦૨–૨૦૨૨ (સમય રાત્રીના ૨૩:૫૯ કલાક) સુધીમાં ઉમેદવારોએ OJAS ની વેબસાઇટ https://ojas.gujarat.gov.in પર ઓનલાઇન સુધારા અરજી કરવા Window Open કરવામાં આવનાર છે. જેમાં તેઓએ સુધારા અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે વન વિભાગની વેબસાઇટ https://forests.gujarat.gov.in અને OJAS ની ઉક્ત વેબસાઇટ પર મૂકવામાં આવેલ વિગતવાર જાહેરાત જોઇ લેવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે આ ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન તા.૨૭/૦૩/૨૦૨૨ ના રોજ હાથ ધરવામાં આવનાર છે જે પણ ધ્યાને લેવા વિનંતી છે.

તા. ૧૦–૦૨–૨૦૨૨
સ્થળ : ગાંધીનગર

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
વહીવટ અને આઇ.ટી.
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૩૧૧૪/૨૧-૨૨

બૅંક ઑફ બડૌદા Bank of Baroda
સોલા રોડ શાખા :- એ.પી.એમ. શોપીંગ મોલ, સન–એન–સ્ટેપ ઠલનની સામે, સોલા રોડ, અમદાવાદ – ૩૮૦૦૬૧, ગુજરાત. ફોન : ૯૧ ૦૭૯ ૨૭૪૯૫૨૦૦, (ડી) ૨૭૪૯૫૨૦૦. ઈમેઈલ : solabhm@bankofbaroda.com

કરજદારને નોટિસ (સરફેસી કાયદો, ૨૦૦૨ ના નિયમ ૧૩ના પેટા–નિયમ (૨) હેઠળ)

વતી, ૧. મેસર્સ રવિ શીટ પ્રોસેસર્સ પ્રા.લિ. : તેની રજીસ્ટર્ડ ઓફીસ : ૬૧૨, લોઢા ભવન, જુની હાઈકોર્ટની સામે, ઈન્ફન્ટ્રી, અમદાવાદ – ૩૮૦૦૦૬ : ૨. મેસર્સ રવિ શીટ પ્રોસેસર્સ પ્રા.લિ. : દ્વારા તેના ડાયરેક્ટર શ્રી તુષારકુમાર નરેન્દ્રભાઈ પટેલ : રહેણાંક : સી–૭૭, સોમેશ્વર પાર્ક–૩, કોઝી કોર્નર, તપન ટેનામેન્ટની સામે, થલતેજ, અમદાવાદ – ૩૮૦ ૦૫૯. ૩. મેસર્સ રવિ શીટ પ્રોસેસર્સ પ્રા.લિ. : દ્વારા તેના ડાયરેક્ટર શ્રી શ્રીરામ નરેન્દ્રભાઈ પટેલ : રહેણાંક : સી–૭૭, સોમેશ્વર પાર્ક–૩, કોઝી કોર્નર, તપન ટેનામેન્ટની સામે, થલતેજ, અમદાવાદ – ૩૮૦ ૦૫૯. ૪. નરેન્દ્રભાઈ જુ. પટેલ (જામીનદાર) : ઈ–૫, સફલ એલન્યુ, મોટેરા રોડ, ડેડીયાસણ (ભાગ), મહેસાણા, નાગલપુર, ગુજરાત, પીન – ૩૮૪૦૦૧ અને સાથે : સી–૭૭, સોમેશ્વર પાર્ક–૩, કોઝી કોર્નર, તપન ટેનામેન્ટની સામે, થલતેજ, અમદાવાદ – ૩૮૦ ૦૫૯. ૫. શ્રી તુષારકુમાર નરેન્દ્રભાઈ પટેલ : રહેણાંક : સી–૭૭, સોમેશ્વર પાર્ક–૩, કોઝી કોર્નર, તપન ટેનામેન્ટની સામે, થલતેજ, અમદાવાદ – ૩૮૦ ૦૫૯. ૬. શ્રી શ્રીરામ નરેન્દ્રભાઈ પટેલ : રહેણાંક : સી–૭૭, સોમેશ્વર પાર્ક–૩, કોઝી કોર્નર, તપન ટેનામેન્ટની સામે, થલતેજ, અમદાવાદ – ૩૮૦ ૦૫૯. ૭. શ્રીમતી જ્યોત્સનાબેન એન. પટેલ (જામીનદાર) : ઈ–૫, ઈ વિંગ, સફલ એલન્યુ, ડેડીયાસણ, મહેસાણા – ૩૮૪૦૦૧

પ્રતિ,

સંદર્ભ : અમારી સોલા રોડ શાખાએ આપેલ કેડીટ સુવિધાઓ

અમો વિવિધ કેડીટ સવલતો પૂરી પાડવા અંગેની સમયાંતરે જારી કરેલ મંજુરી પત્ર નો સદર્ભ લઈએ છીએ. જેના અનુસંધાનમાં તમે તેનો લાભ મેળવી લીધો છે અને તે માટે સિક્યોરીટી પૂરી પાડ્યા પછી કેડીટ સવલતોનો ઉપયોગ કરવાનું શરૂ કર્યુ છે. વિવિધ લોન/કેડીટ સુવિધા એકાઉન્ટસમાં બાકી રહેલ આવા જવાબદારી માટે બનાવવામાં આવેલ સુરક્ષા હિતો નીચે મુજબ છે

સવલતની પ્રકૃતિ અને પ્રકાર	લિમિટ (રૂ.લાખમાં)	વ્યાજ દર	તા. ૧૫.૦૧.૨૦૨૨ મુજબ બાકી લેણાં (તા. ૧૫.૦૧.૨૦૨૨ સુધી વ્યાજ સહિત)
Cash Credit (Hypo. of stock cum book-debts with interchangeability from LC to CC and vice versa)	રૂ. ૯૫.૦૦ લાખ	9% p.a. i.e. 2% above BRLLR (6.75%) + SP (0.25%) with monthly rests + penal interest @ 2% simple	Rs. 10,01,35,147.71 ps. (break-up as per sheet attached)
Covid Limit under BGECL Scheme	રૂ. ૧૮૯.૬૦ લાખ	7.50% i.e. 1% above BRLLR (6.75%) with monthly rests	Rs. 1,78,59,942.66ps. (break-up as per sheet attached)
BCECLS	રૂ. ૯૭.૫૦ લાખ	6.85% i.e. BRLLR (6.85%) with monthly rests	Rs. 50,30,718.89ps. (break-up as per sheet attached)
		Total	Rs. 12,30,25,809.26ps.

૧. સિક્યુરીટીના સંક્ષિપ્ત વર્ણન સાથે સિક્યુરીટી કરાર
૧. કોમ્પોઝીટ હાઈપોથીકેશન કરાર (જથ્થો / બુક ડેબ્ટસ / લીઝકલ / ચલિત મશીનરી) તા. ૨૪.૦૩.૨૦૧૫ રૂ. ૯૯૩.૩૫ લાખ
૨. લોન તથા હાઈપોથીકેશન કરાર તા. ૦૫.૦૬.૨૦૨૦, રૂ. ૬૭.૫૦ લાખ
૩. લોન તથા હાઈપોથીકેશન કરાર તા. ૧૦.૦૬.૨૦૨૦, રૂ. ૧૯૮.૬૦ લાખ
૪. ટાઈટલ ડીડ જમા કરાવવા સંબંધિત નોંધાયેલ સાધન તા. ૨૮.૦૪.૨૦૧૫, રૂ. ૯૯૩.૩૫ લાખ
૫. રજીસ્ટ્રેડ મેમોરન્ડમ ઓફ રેકટીફીકેશન તા. ૧૮.૦૮.૨૦૧૭
૬. અન્ય બાબતો સાથે ટાઈટલ ડીડસની ડિપોઝીટ સંબંધિત એક્ઝેક્યુશનનું રજિસ્ટ્રેડ મેમોરન્ડમ, બીસીઈસીએલ, રૂ. ૬૭.૫૦ લાખ અને બીઈસીએલલોન રૂ. ૧૮૯.૬૦ લાખ
૭. કાઈપોથીકેશન ઓફ પ્લાન્ટ અને મશીનરી, જથ્થો) અને બુક–ડેબ્ટ્સ બંને હાલનું અને ભવિષ્યનું.
૦૯. નીચે જણાવેલ ગીરો અચલિત મિલકતો
એ. બિન–ખેતી જમીન, પ્લોટ નં. ૫૪૪/૨ પૈકી પ્લોટ નં. ૪, ક્ષેત્રફળ અંદાજે ૧૩૫૮ ચો.મી., મૌજે રકનપુર, તાલુકો કલોલ, રજીસ્ટ્રેશન જુલ્લો સબ જુલ્લો ગાંધીનગરમાં આવેલી મેસર્સ રવિ શીટ પ્રોસેસર્સ પ્રા.લિ. ના નામની મિલકત તેના તમામ હક અને હિસ્સા સાથે. ચતુર્સીમા આ મુજબ : પૂર્વ : નાળીયુ અને પ્લોક નં. ૫૨૨, પશ્ચિમ : ૭.૫ ચો.મીટર રોડ અને એસ. કુમાર, ઉત્તર : પ્લોક નં. ૫૪૪ પૈકી, શ્રી ચોગેશ ખાદી, દક્ષિણ : મેસર્સ લક્ષ્મી મેટલ ફેક્ટરી.
બી. રહેણાંક બંગલો નં. ૬૭, પ્લોટ ક્ષેત્રફળ અંદાજે ૧૮૦ ચો.મી., તેની સાથે બાંધકામ ક્ષેત્રફળ અંદાજે ૪૪૮.૩૯ ચો.મી., ''સોમેશ્વર પાર્ક –૩'', કોઝી કોર્નર કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિ., વિભાગ–૧, રેવન્યુ સર્વે નં. ૬૬, ૬૭, ફાઈનલ પ્લોટ નં. ૫૫, ૧૮ અને ૪૪, ટી.પી. સ્કીમ નં. ૧, મૌજે થલતેજ, તાલુકો દસક્રોઈ, રજીસ્ટ્રેશન જુલ્લો અને સબ જુલ્લો અમદાવાદ – ૯ (બોપલ)માં આવેલી ૧) શ્રીમતી જ્યોત્સનાબેન નરેન્દ્રભાઈ પટેલ ૨) શ્રી તુષારકુમાર નરેન્દ્રભાઈ પટેલ અને ૩) શ્રી સૌરભકુમાર નરેન્દ્રભાઈ પટેલના નામની અચલિત મિલકત તેના તમામ હક અને હિસ્સા સાથે. જેની ચતુર્સીમા આ મુજબ : પૂર્વ : ટી.પી. રોડ અને નાથેશ્વર સોસાયટી, પશ્ચિમ : બંગલો નં. ૬૬, ઉત્તર : બંગલો નં. ૬૮, દક્ષિણ : કોઝી કોર્નર કોમ્પલેક્ષ.
સી. લ્યોર ઈંધ, ''ઈ'' વિંગ, પહેલો માળ, ''સફલ એલ્યુ'', એન.એ. ૭માંન રેવન્યુ પ્લોક નં. ૬૩ પૈકી, ગામ કડીયાસણ, તાલુકો અને જુલ્લો મહેસાણા, સુપર–બિલ્ટ અપ વિસ્તાર ૮૩.૬૪ ચો.મી. સાથે અંદાજે ૧૫.૧૭ ચો. મી. એપાર્ટમેન્ટની જમીનમાં આવેલી જ્યોત્સનાબેન નરેન્દ્રભાઈ પટેલ (જામીનદાર)ના નામની અચલિત મિલકત તેના તમામ હક અને હિસ્સા સાથે. ચતુર્સીમા આ મુજબ : પૂર્વ : જોડાયેલ માર્જીનની ખુલ્લી જમીન, પશ્ચિમ : જોડાયેલ આ ફ્લેટની કો–ઓનરશીપ હિવાલ સાથે ફ્લેટ નં. ઈ/૬, ઉત્તર : જોડાયેલ માર્જીન જમીન અને ખુલ્લુ આકાશ ટીપી રોડનો ભાગ, દક્ષિણ : જોડાયેલ આ ફ્લેટની કો–ઓનરશીપ હિવાલ સાથે ફ્લેટ નં. ઈ/૫.
ડી. ૧) પ્લોક નં. ૩૮૮/૨ (જુના રેવન્યુ સર્વે નં. ૩૮૬), ક્ષેત્રફળ પક્રરૂ ચો.મી., ગામ નંદોદાઉ, તાલુકો અને જુલ્લો મહેસાણામાં આવેલી નરેન્દ્રભાઈ ગંગારામ પટેલના નામની બિન ખેતીલાયક જમીન તેના તમામ હક અને હિસ્સા સાથે. અને ચતુર્સીમા આ મુજબ : ઉત્તર : કલ્યાણજુ ઠેમજુ ઠાકોરનું ક્ષેત્ર, દક્ષિણ : શિવાજુ કરસનજુ ઠાકોરનું ક્ષેત્ર, પૂર્વ : રેલ્વે લાઈન અને શિવાજુ કરસનજુ ઠાકોરનું ક્ષેત્ર, પશ્ચિમ : જગજુ કચરાજુ ઠાકોરનું ક્ષેત્ર.
ડી. ૨) ઓફીસ નં. ૧૪(૬૧૪), છઠ્ઠો માળ, ક્ષેત્રફળ અંદાજે ૩૨૦ ચો.ફુટ, લોહ ભવન બિલ્ડીંગ એસોસીએશન તરીકે ઝણીતી સિક્રમ અને સબ પ્લોટ નં. ૧૯,૧૯ અને ૨૦, ફાઈનલ પ્લોટ નં. ૧૬૬, ટીપી સ્કિમ નં. ૩, મૌજે શેખપુર–ખાનપુર, તાલુકો – સીટી, રજીસ્ટ્રેશન જુલ્લો અને સબ જુલ્લો અમદાવાદ –૩ (મેમનગર)માં આવેલી નરેન્દ્રભાઈ જુ. પટેલના નામની મિલકત.
એ, બી અને સી ઉપર વર્ણવેલ ગીરો મિલકત ની એકંદરે વિદ્યારા સુવિધા માટે રવિ શીટ પ્રોસેસર પ્રા.લિ. ના રૂ.૬૧૩.૭૫ લાખ મંજુર કરેલ છે. અને ડી, સી, સી, ડી(૧) અને ડી (૨) ઉપર વર્ણવેલ ગીરો મિલકતો રૂ. ૫૮.૬૦ લાખ અને રૂ. ૬૭.૫૦ લાખની ટર્મ લોન (કોવિડ - ૧૯) માટે અન્ય બાબતોની સાથે સુરક્ષા તરીકે આપવામાં આવી છે.
૧. તમો જાણો છો કે તમોએ તા. ૧૬.૧૧.૨૦૧૬ના વાંચ્યથી આપેલા કરાર દ્વારા, તમામ પૈસાની માંગ પર ચુકવણીની ખાતરી આપી છે અને ત્યારબાદ મંજૂર કરેલ રૂ. ૬,૪૦,૨૧,૧૫૭.૪૮ (રૂપિયા નવ કરોડ ચાલીસ લાખ એકવીસ હજાર એકસો છપ્પન અને અડતાળીસ પૈસા માત્ર). ઉપર જણાવેલ બાકી રકમમાં ૧૫.૦૧.૨૦૨૨ સુધીના વધુ ડ્રાઈંગ અને વ્યાજનો સમાવેશ થાય છે.
૨. પરિણામે, આપની ધિક્કળતાને કારણે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ગાઈડ લાઈન મુજબ આપનું ખાતું તા. ૨૭.૧૨.૨૦૨૧ના રોજ **નોન પરફોર્મિંગ એસેટ** તરીકે ક્લાસિફાઈડ થયું છે. તે છતાં અમારી વારંવાર વિનંતિઓ છતાં તમે લોન અને તેનું વ્યાજ ચુકવવામાં નિષ્ફળ નીવડ્યા છો. જેની નોંધ લેશો.
૩. ઉપરોકત પેરા –૧ માં વિવિધ સિક્યોરીટીઝ દ્વારા યોગ્ય રીતે સુરક્ષિત કરાયેલ કેડિટ સવલતોને ધ્યાનમાં રાખીને તમારી જવાબદારીને પહોંચી વળવા અશ્મતાના સંદર્ભમાં, અને તમારા એકાઉન્ટને બિન–કાર્યકારી સંપત્તિ તરીકે વર્ગીકરણ કરેલ છે, તો સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ અને તમને અહીં નોટિસ આપીએ છીએ, અને બેંકના લેણાં **રૂ. ૧૨,૩૦,૨૫,૮૦૯.૨૬ (રૂપિયા બાર કરોડ ત્રીસ લાખ પચ્ચીસ હજાર આઠસો નવ અને પૈસા છવ્વીસ માત્ર)** પેરા –૧ માં દર્શાવ્યા મુજબ અને અન્ય યાજુંસ વિગેરે આ નોટિસ મળ્યેથી ૬૦ દિવસમાં પૂરેપુરી રકમ ચૂકવી દેવા નોટિસ આપવામાં આવે છે. વધુમા નોટિસ આપવામાં આવે છે કે ઉપરોકત રકમની ચૂકવણી પેમેન્ટ આવે તે તારીખ સુધીના વ્યાજ સહિત કરવામાં નિષ્ફળ જશો તો, સદર કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ અથવા કોઈપણ હકકની ઉપયોગ કરી શકીશું.
૫. મહેરબાની કરીને નોંધી લેશો કે, દરેક કેડીટ સુવિધા માટે ઉપરોકત પેરા –૧ માં દર્શાવવામાં આવેલા દરેક રકમની સંપૂર્ણ રૂપે ચૂકવણી સુધી વ્યાજ ચડતું રહેશે.
૬. અમે સદર કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૧૩ તરફ તમારૂ ધ્યાન દોરીએ છીએ, જે તમને ઉપરોકત પેરા નં. ૧માં વેચાણ, લીઝ અથવા અન્યથા (બીઝનેસની સામાન્ય રીત સિવાયની કોઈપણ), અમારી અગાઉની લેખિત સંમતિ પ્રાપ્ત કર્યા વગર સ્થાનાંતરિત કરવા પર પ્રતિબંધિત કરવામાં આવે છે. સદર કાયદાની સેકશન ૧૩(૧૩) મુજબ કાર્યવાહી કસુરવા સંજોગામાં સદર કાયદાની કલમ ૨૯ નીચે સજા લાયક ગુનો બને છે જાણશો.
૭. આથી આપનું ધ્યાન દોરવામાં આવે છે કે સદર કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ ૮ મુજબ નીલામી / ટેન્ડર / અંગત કરારની સંદર્ભની નોટિસ પબ્લિકેશન તારીખ પહેલાં સદર મિલકત સંદર્ભે બેંકની બાકી નીકળતી રકમ તથા તે પરનું વ્યાજ, ખર્ચ તથા અન્ય ચુકવવાની રકમ ચુકવી આ મિલકત પરત્વેના તમારા હકકો સિક્યોર કરી શકો છો. ઉપર મુજબની નોટિસ પ્રસિદ્ધ થયા બાદ આ મિલકત સિક્યોર કરવાના તમારા હકકો નષ્ટ થશે જેની નોંધ લેવા વિનંતી છે.
૮ મહેરબાની કરીને એ નોંધી લેશો કે આ ડીમાન્ડ નોટિસ કોઈપણ જાતના પૂર્વગ્રહ વ